## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત જીવંત પ્રસારણનો કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે "પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના" અંતર્ગત તા. ૦૨.૦૮.૨૦૨૫ ને શનિવારનાં રોજ માન. કુલપતિશ્રી ડો. કે. બી. કથીરીયાનાં માર્ગદર્શન હેઠળ જીવંત પ્રસારણનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં મુખ્ય અતિથી શ્રી છત્રસિંહ જાદવ, એપીએમસી ચેરમેન, સોજીત્રા તથા શ્રી પ્રવિણભાઇ પરમાર, સરપંચ, રૂણજ હાજર રહ્યા હતા. તેમજ આણંદ જિલ્લાના વિવિધ ગામ માંથી કુલ ૧૮૭ ખેડૂતભાઇઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) ડો.આર.એમ.પટેલ દ્વારા સર્વેનું શાબ્દિક અને પુષ્પગુચ્છથી સ્વાગત તેમજ પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ શ્રી છત્રસિંહ જાદવ દ્વારા પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના દ્વારા ખેડુતોના ખાતામાં જમા થતી રકમ દ્વારા ખેતીમાં આર્થિક મદદ મળી શકે અને કૃષિ અને પશુપાલન દ્વારા વધારે આર્થિક ઉપાર્જન મેળવવા ખેડુતોને પ્રોત્સાહિત કર્યા હતા.

ત્યારબાદ વારાણસી, ઉત્તરપ્રદેશથી માન. વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતીમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૦ મો હપ્તો રીલીઝ કરવા માટે "કિસાન સમ્માન સમારોહ" નું જીવંત પ્રસારણનાં કાર્યક્રમને સર્વેએ નિહાળ્યો હતો. જેમાં શુભારંભ થતી ખેડૂત ઉપયોગી નવી યોજનાઓ વિષે ખેડૂતો માહિતગાર થયા તેમજ તેઓએ હર્ષની લાગણી અનુભવી.

કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન કેવિકેનાં કર્મચારીગણ દ્વારા કરવામાં આવેલ.

**કાર્યક્રમની ઝાંખીઓ**



